અપીલ અરજી નં.૧૫૮ તા.૨૬–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૩–૭–૦૯ ની અરજીથી ભારત સરકાર તરફથી એવું કોઈ નોટીફિકેશન (જાહેરનામુ) બહાર પાડવામાં આવેલ કે જરીગૃહ ઉદ્યોગમાં આવતું હોય?સુ.મ.પાલીકા જરીગીલીટના ચાલતા એકમોમાં જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) ના સંગ્રહ / વપરાશના લાયસન્સ સુ.મ.પા.ના ફાયર તેમજ આરોગ્ય વિભાગ **B.P.M.C** એકટ–૩૭૬(૧) મુજબ લાયસન્સ આપી શકશે તો તે ભારત સરકારના નોટીફિકેશન (જાહેરનામા) ની કોપી ફાળવવા અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૮/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૩–૭–૦૯ ની અરજીથી ભારત સરકાર તરફથી એવું કોઈ નોટીફિકેશન (જાહેરનામુ) બહાર પાડવામાં આવેલ કે જરીગૃહ ઉદ્યોગમાં આવતું હોય? સુ.મ.પાલીકા જરીગીલીટના ચાલતા એકમોમાં જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) ના સંગ્રહ / વપરાશના લાયસન્સ સુ.મ.પા.ના ફાયર તેમજ આરોગ્ય વિભાગ **B.P.M.C** એકટ–૩૭૬(૧) મુજબ લાયસન્સ આપી શકશે તો તે ભારત સરકારના નોટીફિકેશન (જાહેરનામા) ની કોપી ફાળવવા અંગે માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ૧૬૪૫ તા.૧૭–૮–૦૯ થી આપેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૦ તા.૨–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની આઈ ડી નં.૪૩૪ તા.૨૩–૭–૦૯ ની અરજીથી ભારત સરકાર તરફથી એવું કોઈ નોટીફિકેશન (જાહેરનામુ) બહાર પાડવામાં આવેલ કે જરીગૃહ ઉદ્યોગમાં આવતું હોય સુ.મ.પાલીકા જરીગીલીટના ચાલતા એકમોમાં જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) ના સંગ્રહ / વપરાશના લાયસન્સ સુ.મ.પા.ના ફાયર તેમજ આરોગ્ય વિભાગ **B.P.M.C** એકટ–૩૭૬(૧) મુજબ લાયસન્સ આપી શકશે તો તે ભારત સરકારના નોટીફિકેશન (જાહેરનામા) ની કોપી ફાળવવા અંગે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આનં.૬૪૫ તા.૧૭–૮–૦૯ થી અરજદારને " ભારત સરકારશ્રીના આ પ્રકારના નોટીફીકેશન (જાહેરનામા) ની નકલ અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ આરટીઆઈ એકટની કલમ–૬(૩) ની જોગવાઈને અનુલક્ષી અરજી કે તેનો ભાગ જે જાહેર સત્તા મંડળને સ્પર્શતો હોય તેમને દિન–૫ માં તબદીલ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારે અપીલ તબકકે આ નકલ કયા વિભાગ પાસેથી મળ ે તેની જાણકારી આપવામાં શા માટે ન આવીતે અંગે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જે જાહેર સત્તા મંડળને અરજી સ્પર્શતી હોય તેમને દિન–૫ માં નિયમ–૩ હેઠળ તબદીલ કરી તેની જાણ અત્રે કરવા તથા કલમ૬(૩) ની જોગવાઈનું સમય મર્યાદામાં પાલન કરવા તકેદારી લેવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને શહેર વિકાસ અધિકારીને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ